અપીલ અરજી નં.૩૧૩ તા .૩–૧૦ –૧૧
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશ એમ પટેલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :–આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશ એમ પટેલની તા. ૨૭–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેર બેગમપુરા અલ્યાની વાડીમાં તાજમહલ કમ્પાઉન્ડમાં નવું બાંધકામ કરવા માટે જે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે જે અટકાવવા માટે બેગમપુરા, દુધારાશેરી, ભઠ્ઠીશેરીના રહેવાસીઓએ તા. ૧૫–૨–૧૧, તા.૨૫–૩–૧૧ના રોજ કમિશ્નરશ્રી શહેર વિકાસ, ફાયર વિભાગ ઝોનલશ્રી સેન્ટ્રલઝોનને વિગતવાર અરજી કરવામાં આવેલ તે બાબતે શું નિર્ણય કરવામાં આવેલ છે તેની રેકોડ મેન્યુલ આધારિત માહિતી આપો વિ.મુદ્દા નં.(૧) થી (૪) ની માહિતી આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૩–૧૦–૧૧ ની **SMC/FAP/** નં.૩૧૩/૨૦૧૧–૧૨

શ્રી સુરેશ એમ પટેલની તા. ૨૭–૬–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) સુરત શહેર બેગમપુરા અલ્યાની વાડીમાં તાજમહલ કમ્પાઉન્ડમાં નવું બાંધકામ કરવા માટે જે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે જે અટકાવવા માટે બેગમપુરા, દુધારાશેરી, ભઠ્ઠીશેરીના રહેવાસીઓએ તા. ૧૫–૨–૧૧, તા.૨૫–૩–૧૧ના રોજ કમિશ્નરશ્રી શહેર વિકાસ, ફાયર વિભાગ, ઝોનલશ્રી સેન્ટ્રલઝોનને વિગતવાર અરજી કરવામાં આવેલ તે બાબતે શું નિર્ણય કરવામાં આવેલ છે તેની રેકોડ મેન્યુલ આધારિત માહિતી આપો વિ.મુદ્દા નં.(૧) થી (૪) ની માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)ના પત્ર નં. સીઝેડ/આરટીઆઈ/આઉટ નં./૪૨૭ તા. ૨૨–૭–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૩–૧૦ –૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા તા. ૧૫–૧–૧૧ ,૨૫–૩–૧૧તથા મળેલ હોય તો તા. ૧૫–૨–૧૧ ની અરજીઓ અંગે કરેલ કાર્યવાહીની દફતરી વિગતો નકલ સહિત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૨૩ તા.૧૨–૧૦–૧૧ થી** ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)તથા અરજદારને તા. ૧૫–૧–૧૧ની અરજી રજુ કરેલ છે તા. ૧૫–૨–૧૧નો ઉલ્લેખ માહિતી અરજીમાં છે તેની નકલ ન હોઈ તે મોકલવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૧૩૯૧ તા.૨૫–૧૦–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, મુળ અરજીની નકલ, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૩૭ તા.૫–૮–૧૧ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી તા.૧૭–૧૦–૧૧ નો પૂરક પત્ર અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી જાહેર માહિતી અધિકારીના તા.૨૨–૭–૧૧ ના પ્રત્યુત્તરની નકલ બીડેલ છે તેમજ તેમના તા.૧૭–૧૦–૧૧ ના પત્રથી સ્પષ્ટતા કરી જણાવેલ છે કે તા.૧૫–૨–૧૧ ની કોઈ અરજી તેમની નથી પરંતુ તા.૧૫–૧–૧૧ ની જગ્યાએ ભુલથી તે તારીખ લખાયેલ છે.

અરજદારની તા.૨૭–૬–૧૧ ની અરજીથી બેગમપુરા અલ્યાની વાડીમાં તાજમહલ કંપાઉન્ડમાં નવા બાંધકામ બાબતની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૨૭ તા.૨૨–૭–૧૧ થી નિયત સમય અવધિમાં માહિતી આપવામાં આવેલ તથા દસ્તાવેજ ફી નકલ માટે ભરવા જણાવેલ તથા પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૩૭ તા.૫–૮–૧૧ થી રજાચિઠ્ઠીની નકલ નંગ–૨ અરજદારને આપવામાં આવેલ. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ ૧ માસના વિલંબથી તા.૩–૧૦–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે વિલંબિત અપીલ અંગે આરટીઆઈ કાયદાની કલમ–૧૯(૧) હેઠળ વિલંબના કોઈ કારણ કે વ્યાજબીપણુ રજુ કરેલ નથી. તેથી પ્રથમ દર્શીય રીતે અપીલ ગ્રાહય રાખી શકાય નહીં તેમ છતાં કાયદાના હાર્દ અને ભાવના તથા આમુખથી ચરીતાર્થ થયેલ જોગવાઈને અનુલક્ષી અપીલ ગ્રાહય રાખવામાં આવેલ છે. જે અંગે અરજદારે અપીલની પૂરક વિગતોમાં વિલંબનું કારણ બીમારી જણાવેલ છે. વધુમાં તેમને અપીલમાં અરજીની તારીખ ૧૫–૨–૧૧ ભુલથી લખાયેલ હોવાનું જણાવેલ છે પરંતુ ખરેખર તે તા.૧૫–૧–૧૧ છે તેવું પણ જણાવેલ છે. જેમાં અરજદારે આપવામાં આવેલી માહિતી ખોટી હોવાનું જણાવી મુદ્દા નં.૧ અને ૪ બાબતે રજૂઆત કરેલ છે. મુદ્દા નં.(૧) સુરત શહેર બેગમપુરા અલ્યાની વાડીમાં તાજમહલ કમ્પાઉન્ડમાં નવું બાંધકામ કરવા માટે જે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે જે અટકાવવા માટે બેગમપુરા, દુધારાશેરી, ભઠ્ઠીશેરીના રહેવાસીઓએ તા. ૧૫–૨–૧૧,

તા.૨૫–૩–૧૧ના રોજ કમિશનરશ્રી શહેર વિકાસ, ફાયર વિભાગ ઝોનલશ્રી સેન્ટ્રલઝોનને વિગતવાર અરજી કરવામાં આવેલ તે બાબતે શું નિર્ણય કરવામાં આવેલ છે તેની રેકોર્ડ મેન્યુલ આધારિત માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી જગ્યામાં સેન્ટ્રલઝોન કક્ષાએથી સુડામાં મંજુર પુનરાવર્તિત વિકાસ નિયંત્રણ અધિનિયમ–૨૦૦૪ ની જોગવાઈઓને આધિન વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે તેવું જણાવેલ છે. પરંતુ શહેર વિકાસ અને ફાયર વિભાગ તરફથી શું નિર્ણય કરવામાં આવ્યો તેની કોઈ જાણકારી આપવામાં આવેલ નથી. જેમાં શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ/ડીપી/નં.૨૩૭ તા.૧૯–૧૧–૦૯ થી તેમજ સેન્ટ્રલઝોન તરફથી સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૯ તા.૯–૫–૧૧ થી રીવાઈઝડ ડેવલપમેન્ટ પરમીશન આપવામાં આવેલ છે. જેની પરવાનગી નકલ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદારે સેન્ટ્રલઝોનમાં તા.૧૫–૧–૧૧ તથા તા.૨૫–૩–૧૧ ના રોજ અરજી કરેલ છે. મુદ્દા નં.(૨) તાજમહલ કંપાઉન્ડમાં નવા બાંધકામ માટેની વિકાસ પરવાનગી એપાર્ટમેન્ટના બાંધકામ માટે આપવામાં આવેલ છે કે સામાન્ય રહેઠાણ માટેની પરવાનગી આપવામાં આવી છે. તેવા પ્રશ્નવાળી જગ્યામાં નવા બાંધકામ માટે એપાર્ટમેન્ટના બાંધકામ માટે પરવાનગી આપવામાં આવેલ છે. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૩) તાજમહલ કંપાઉન્ડમાં નવું બાંધકામ કરવા માટે જે વિકાસ પરવાનગી આપવામાં આવેલ છે જેની રજાચિઠ્ઠીની નકલ ફાળવવી. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધીકારી તરફથી માંગ્યા મુજબની રજાચિઠ્ઠીની નકલ નંગ–૨ પ્રતિ નકલ રૂા.૨/– લેખે રૂા.૪/– સેન્ટ્રલઝોન કચેરીએ જમા કરાવ્યેથી મળી શકશે. તેવું જણાવેલ છે. જે અંગે અરજદારે સેન્ટ્રલઝોનમાં રસીદ નં.૩૧૨૪૬૦ તા.૨૭–૭–૧૧ થી દસ્તાવેજ ફી ભરપાઈ કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/આ.નં.૭૩૭ તા.૫–૮–૧૧ થી રજાચિઠ્ઠીની નકલ નંગ–૨ અરજદારને પૂરી પાડવામાં આવેલ છે. જે અરજદારે અપીલ તબકકે રજૂ કરેલ છે. મુદ્દા નં.(૪) તા.૧૫–૨–૧૧, તા.૨૫–૩–૧૧ ના રોજ કરવામાં આવેલ અરજીના અનુસંધાનમાં શહેર વિકાસ વિભાગ તરફથી સ્થળ તપાસ કરી કેટલી મિલ્કતોને નોટીસ આપવામાં આવેલ છે જે મંજુર પ્લાન કરતાં વધારાના બાંધકામ બાબતે તેમજ આ વધારાનું જે બાંધકામ કરેલ છે તે બાબતે રેકર્ડ મેન્યુઅલ આધારીત માહિતી આપો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી માંગ્યા મુજબની કોઈ માહિતી સેન્ટ્રલઝોનના રેકર્ડ પર ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે અપીલમાં રેકર્ડ ઉપલબ્ધ ન હોવા બાબતે ખોટું જણાવેલ છે જેમાં સુરત મહાનગપાલિકાને તા.૧૫–૧–૧૧ તથા તા.૨૫–૩–૧૧ ના રોજ વિગતવાર અરજી કરી તે અરજી ખરેખર તપાસ કરવામાં ન આવી તેવો મતલબ થાય. ખરેખર મે અરજી કરી સ્થળ તપાસ થાય અને સ્થળ તપાસનો રીપોર્ટ રેકર્ડ બને તેમ છતાં ખોટી માહિતી આપવામાં આવી તેવી રજૂઆત અરજદારે કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ દફતરી માહિતી આપવાની જોગવાઈ છે. અરજદારે અપીલમાં તા.૧૫–૧–૧૧ ની અરજીના મુદ્દા નં.૬ ની બાંધકામ બાબતે જગ્યા છોડવા અને બાંધકામ કરવા અને વાહન વ્યવહાર બાબતેની રજૂઆત કરેલ છે. જે મુળ અરજીથી અલાયદી રજૂઆત કરવામાં આવેલ છે. આમ અરજદારને માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે. પરંતુ અરજદારની તા.૧૫–૧–૧૧ તથા તા.૨૫–૩–૧૧ ની અરજી બાબતે શું કાર્યવાહી કરી જે અંગેની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ નથી. જે જાહેર માહિતી અધિકારીએ દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવાની રહે.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૭–૬–૧૧ ની અરજીથી માંગેલ માહિતી પૈકી સેન્ટ્રલઝોન ખાતે અરજદાર તરફથી તા.૧૫–૧–૧૧ તથા તા.૨૫–૩–૧૧ ની અરજી બાબતે શું કાર્યવાહી કરવામાં આવી જે બાબતેની નહીં પૂરી પડાયેલી દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી જરૂર જણાયે લાગત ફાઈલ –દફતરની તપાસણી પૂરી પાડી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં નિયત ફી ભરપાઈ કરાવી દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૧–૧૧

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન).....જાણ તથા અમલ માટે.
(૨) શ્રી સુરેશ એમ પટેલ,